# દેહદાન સંબંધી અગત્યની જાણકારી

એનાટોમી વિભાગ
જી.એમ.ઇ.આર.એસ મેડીકલ કૉલેજ પંચમહાલ, ગોધરા

એનાટોમી વિભાગ મેડીકલ કૉલેજને આપ જે અમૂલ્ય દેહદાન આપો છો તે બહુ જ સારૂ સતકાર્ય છે. દેહદાન સમાન કોઈ દાન નથી. અમો આપના ખૂબ જ આભારી છીએ.

**** દેહદાન કરનારે કૃપા કરીને નીચેની <u>સૂચનાઓ</u> ધ્યાનથી વાંચવા અમારો અનુરોધ છે. ****

(૧) ક્યા પ્રકારનું દેહદાન કરી શકાય છે.
સ્ત્રી અથવા પુરૂષ ગમે તે ઉંમરના હોય અને એમનું મૃત્યુ કુદરતી રીતે થયેલા હોય તેનું દેહદાન કરી શકાય છે.

(૨) ક્યા પ્રકારના દેહદાન લેવામાં આવતા નથી.
- (ક) અક્સ્માતથી મૃત્યુ પામેલા (શરીરના અવયવ તુટી ગયેલ હોય) તથા જેમાં મેડિકોલીગલ કેસ અથવા પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ હોય તે દાન સ્વીકારાય નહિ.
- (ખ) જેનું મૃત્યુ એઈડ્સ અથવા ઈન્ફેક્ટીવ હીપેટાઈટીસ, કેન્સર રોગથી પીડાતા હોય અને મૃત્યુ થયેલ હોય અથવા બીજા ચેપીરોગથી થયું હોય.
- (ગ) ઑપરેશન બાદ તુરંત મૃત્યુ પામેલ હોય.

(૩) દેહદાન આપવા માટે જરૂરી કાગળ નીચે મુજબના હોવા જોઈએ.
- (ક) મેડીકલ સર્ટીફીકેટ મૃત્યુ અંગેનું પ્રમાણપત્ર ફક્ત ક્વોલીફાઈડ રજીસ્ટર ડીગ્રી **(MBBS, MD/MS)** ધરાવતા ડોક્ટર પાસેથી મેળવવું જરૂરી છે. તેમાં મરણનો સમય, મરણનું સ્થાન અને કયા કારણે મરણ પામ્યા છે તે સર્ટીમાં અચૂક હોવું જોઈએ.
- (ખ) વારસદાર- સંબંધીઓની મંજુરી પત્ર ( ફોર્મ નંબર ૧ અથવા ૨).
- (ગ) દેહદાન કરનારના આધારકાર્ડની ઝેરોક્ષ તથા બે ફોટા.
- (ઘ) મૃતદેહ ૬ કલાકની અંદર એનાટોમી વિભાગમાં આપવામાં આવે તે જરૂરી છે. તેમ છતાં મૃતદેહ એનાટોમી વિભાગ સુધી લાવવામાં વિલંબ થાય (૬ કલાકથી વધારે સમય) તેમ હોય તો તેને ઠંડક રહે તેમ બરફની પાટ વચ્ચે મુકવો હિતાવહ છે.

(૪) દેહદાન આપનાર વ્યક્તિનું ધાર્મિક વિધિ કરવા માટે નખ અથવા માથાના વાળ દેહદાન કર્યા બાદ બે દિવસ પછી મળી શકશે.

(૫) દેહદાન સ્વીકાર્યા બાદ ડીનશ્રી અને એનાટોમીના પ્રોફેસરની સહીવાળું સર્ટીફિકેટ આપને મરણનોંધણી માટે આપવામાં આવશે.

(૬) જાહેર રજા તથા કચેરી સમયબાદ આવેલ મૃતદેહને કોલ્ડ સ્ટોરેજ રૂમમાં સચવવામાં આવશે. ત્યારબાદ બીજા દિવસે કચેરી સમય દરમિયાન મૃતદેહને એનાટોમી વિભાગમાં આગળની કાર્યવાહી માટે લઈ જવામાં આવશે.

(૭) જો મૃતદેહ સંગ્રહ કરવા માટે તથા શૈક્ષણિક કાર્ય માટે યોગ્ય નહિં લાગે તો સંસ્થા વિનમ્રતા પૂર્વક દેહદાનનો અસ્વીકાર કરી શકે છે.

દેહદાન એક ઉત્તમ દાન અને માનવ સેવા છે. માનવદેહનો ઉપયોગ કરી ડૉક્ટરો નવું નવું સંશોધન કરી માનવ જાત માટે ઉપયોગી થાય છે. ફર્સ્ટ એમ.બી.બી.એસ./ પી.જી.ના વિદ્યાર્થીઓ માનવદેહ પર શસ્ત્રક્રિયા કરી નવી નવી શોધ તરીકે ઉપયોગ કરે છે.

# જી.એમ.ઇ.આર.એસ મેડીકલ કૉલેજ પંચમહાલ (ગોધરા )

## દેહદાન માટેની માહિતી અને ફોર્મ

ફોર્મ નં.૧ મૃત્યુ બાદ પોતાના શરીરનું દેહદાન કરવામાં આવે એવી ઈચ્છા ધરાવનાર વ્યક્તિએ આ ફોર્મ નં.૧ ભરવું.

હું નીચે સહી કરનાર

……………………………………………………………………………………………………………………………

મારી ઈચ્છા વ્યક્ત કરૂ છું કે મૃત્યુ બાદ મારો મૃતદેહ જીએમઇઆરએસ મેડીકલ કોલેજ પંચમહાલ ગોધરા ના એનાટોમી વિભાગમાં વિદ્યાર્થીઓના અભ્યાસ અર્થે દેહદાન તરીકે આપવામાં આવે. મારા મૃત્યુ સમયે મારા સગા, સંબંધી, મિત્રો જે કોઈ હાજર હોય તેમણે મારી આ ઈચ્છા પૂરી કરવી એવી હું વિનંતી કરૂ છું.

તારીખ                                                  સહી

સરનામું ……………………………………………………………………………

……………………………………………………………………………

……………………………………………………………………………

ફોન નં. ……………………………………………………………………………

સંબંધીઓની સહી અને નામ:                                  સંબંધ:

(૦૧) ……………………………………………………………………

(૦૨) ……………………………………………………………………

- નોધ: આ ફોર્મની એક કોપી વડા એનાટોમી જીએમઇઆરએસ મેડીકલ કોલેજ પંચમહાલ ગોધરા ને મોકલાવવી અને બીજી કોપી ફોર્મ ભરનારે પોતાની પાસે રાખવી અને તે ક્યાં રાખી છે, તેની જાણ સગા, સંબંધીઓની કરી રાખવી જેથી તેઓમાંથી કોઈપણ મૃતદેહને મેડીકલ કૉલેજમાં પહોંચાડે અથવા અમોને જાણ કરે.

સોમ થી શુક્ર :- સમય ૯ થી ૫ :

સંપર્ક માટે: ડૉ જયકુમાર કૉનટ્રાકટર :૯૯૯૮૦૭૦૩૮૯

ડૉ ઉર્મિલા પટેલિયા: ૯૭૨૭૭૧૭૬૪૦

ડૉ મિનલ રાવત: ૯૪૨૮૦૨૮૧૮૪

શનિવાર :- સમય ૯ થી ૧

# ફોર્મ નં.૨

પોતાની હયાતી જેણે ફોર્મ નં ૧. ના ભર્યું હોય તેવી વ્યક્તિના મૃત્યુ બાદ તે વ્યક્તિના સગા, સબંધિઓ, વારસો આ ફોર્મ ન. ૨ ભરીને મૃત્યુ પામનારના મૃતદેહને દેહ્દાન તરીકે આપી શકે છે.

શ્રી/શ્રીમતી,------------------------------------------------------------------------------------------
નું તારીખ------------------------- ના રોજ મૃત્યુ થયું છે તેઓ મારા----------------------------------
હતા તેમના વારસદાર/સગા/સબંધિ તરીકે હું નીચે સહી કરનાર----------------------------------
મારી ઈચ્છાથી મૃત્યુ પામનારના મૃતદેહને જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ પંચમહાલ ગોધરા એનાટૉમી વિભાગમાં વિધાર્થીઓના અભ્યાસ અર્થે દેહ્દાન તરીકે આપુ છું.

તારીખ--------------------                                        સહી--------------------------------
સરનામું :---------------------------------------------------
---------------------------------------------------
---------------------------------------------------
---------------------------------------------------

સાક્ષીઓની સહી અને નામ:-
૧.-----------------------------------------------------
૨.-----------------------------------------------------

મૃતદેહ પહોંચાડવાનું સ્થળ-
૧. એનાટૉમી વિભાગ, જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ, નવી આર.ટી.ઓ ઓફિસ નજીક, મોર ડુંગરા ચંચોપા, ગોધરા, પંચમહાલ
પીન કોડ:-૩૮૯૧૨૦
નોધ : મૃતદેહ સાથે ફોર્મ નં. ૧/૨ તથા મૃત્યુ અંગેની ડોક્ટરી પ્રમાણ પત્ર લાવવુ.